# બાવન ગાટી.

પીર સદરદીનની રચેલી

—તથા—

# વીસ ટોલ.

સૈયદ ઈમામ શાહનો રચેલો.

[illegible]ૃતી ૧ લી. નકલ ૫૦૦.

આ બુક ધી રિક્રીએશન કલબ ઈન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટ-
મેન્ટના ઓનરરી સેક્રેટરી હુસેન શરીફે ધી ખોજા
સીંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧–૪ ડુંગરી સ્ટ્રીટ બીમપુરા
મુંબઈ નંબર ૯ માં છાપી પ્રગટ કરી.

—:(०):—

કીમત રૂ. ૦=

અલાહ તો અહાર.

# બાવન ગાટી.

(જ્યારે માણુસ મરી જશે અને અમરાપુરીમા જશે ત્યારે રસ્તામા બાવન ગાટીઉ છે. ત્યા પીરસ્તા બેઠા છે. જે બંદા દુનીઆમા અધરમ કરશે અને આવો સતપંથ છે તે નહીં પાલશે તે બંદાને આ બાવન ગાટીમા બેઠેલ પીરસ્તા રોકી રાખસે તે વાત હકીકતીને સંભળાવેલ છે.)

શ્રી સતગુરૂ બ્રહ્મા હો વાચા,
પીર સદરદીન હો વાચા.

## ગાટી ૧ લી.

(ત્રણુ વખત દુઆ ગુમાવનાર ને ગતમા નહી આવનારની ગાટી)

પહેલી ગાટી તો વસમી જાણો,
તે ગાટી વસમી પીછાણો.

જે માણુસ સતપંથી હોયને ત્રણુ વખત ગુમાવે ત્રણુ વખત દુઆ નહી પડે ગત. માહે નહી આવે તે પ્હેલી ગાટીમા રોકાઇ રહેસે, ત્યાં પીરસ્તો અસરાફીલ બેઠો તે ગાટીમા બંદાને રોકી રાખસે તરસયો ભુખેયો ત્યાં બહુ દુઃખ સહેસે.

ચેતો વીરા ચેતીને ચાલો,
ત્રન વખત દુઆ તમે કાંએ ગમાવો.

## ગાટી ૨ જી.

### (પરનારી ગમન કરનારને માટે ગાટી,)

બીજી ગાટી પરનારીની જાણો,
તે ગાટી દોહેલી પીછાણો.

જે પુરૂષ પરનારી શું ચાલશે તે બીજી ગાટી માંહે રોકાઇ રેહશે આગલ ચાલી નહી શકે ત્યાં ફરેસ્તો મેગ બેઠો તે બંદાને રોકી દેશે, પરનારી તમે એવી ભુંડી જાણો એણે બંદે સત ધરમ ગમાવ્યા

વીચારો વીા ચેતીને ચાલો,
સતગુરૂ કહે સો મનથી પાલો.

---

## ગાટી ૩ જી.

### (હરીના ખોટા સમ ખાનારને માટે ગાટી)

ત્રીજી ધાટી કરણી કમાનની જાણો,
એવી દોમેલી ગાટી પીછાણો.

જેમ કમાનમાંથી તીર ચાલે તેમ બંદાને રોજ દોડાવે ત્યાં ફીરસ્તો અદલી બેઠો. જે બંદા હરીના ખોટા સમ ખાએ તેનો એ ગાટીમાં ઉતારો થાશે.

એવું જાણી સતપંથીને સમ ખાવા નહી,
સમ ખાશો તો રહેશો રોકાઈ.

---

## ગાટી ૪ થી.

### (જુઠુ બોલનારને માટે ગાટી.)

ચોથી ગાટી ચાર ખાણની જાણો,
માહા વસમી એ ગાટી પીછાણો.

એ ગાટીમાં ફીરસ્તો મહાકાલ બેઠો. જે સતપંથી થઇને જુઠુ બોલે, દીહા ૧૦.. જે વાત કહે તે ત્યાં રોકાઇ રહે નીતોનીત તેને ખાડામાં બુડાવશે, એવો દુઃખ ત્યાં વસમા સહેશે.

એવું જાણી અજાણીઉ મ બોલો,
જુઠ તજીને સાચજ બોલો.

## ગાટી ૫ મી.

### (ધરમ કરે તેને વારનારને માટે ગાટી.)

પાંચમી ગાટી તો અધરમીની જાણો,
સત કહી સહી પરમાણો.

જે કોઇ ધઆ ધરમ કરે તેને કરતાંજ વારે તે પાચમી ગાટી માથી નવ સધારે તીયાં ફીરસ્તો જીગર જાણો ધરમ કરતાં કેને રખે વારો.

તે પાંચમી ગાટીમા રહેસે રોકાઈ,
તે સાચુ કરી જાણો ભાઇ.

## ગાટી ૬ ઠી

### ( લાંચ ખાનાર મોમનને માટે ગાટી. )

છઠી ગાટી તો ઘણી દોહેલી જાણો,
એ ગાટી તો વસમી પીછાણો.

નારભ ફીરસ્તો ત્યા રહેવે, તે માણુસને ઘણું દુઃખજ દેવે મોમન થઇ જો લાચજ ખાસે તે છઠી ગાટી માહે રોકાશે.

તે છઠી ગાટીનું દુઃખ એવું છે, નીતોનીત કુંડ માહે પાડશે. તેને આગળ ચાલ્યાની રજા નહી જડશે, તેને નારભ ફીરસ્તો નીત ઉઠી મારે, મોમન તેજે આપ વીચારે ને સાહેબ ધીઆવે.

મોમન થઇને જીવને તારે
પણ મોમન લાંચ પારકી તીલભાર ન ખાદે,

## ગાટી ૭ મી.

(હાજર ઇમામને ઓછુ કરી જાણનારને માટે ગાટી)

સાતમી ગાટી તો બે બારાની જાણો,
જેમ ડુંગર વચે એક પાણ પીછાણો.

આલ ઇમામને ઓછુ કરી માનશે જેહ, સાતમી ગાટીમાં રોકાઇ રહેશે તેહ; નીતોનીત તે મારજ ખાશે, જે આલ ઇમામને ઓછો કરી માનશે.

સંપત હોએ તેવો દાનજ દઇએ
નહીતો સાતમા ગાટીમાંહે માર ખાઇને
રોકાઇ રહીએ.

## ગાટી ૮ મી.

(કન્યાદાન ખાઈ જનાર માટે ગાટી)

આઠમી ગાટીતો કન્યાદાનની જાણો.
એ ગાટી તમે વસમી પીછાણો.

કન્યાદાન જે કોઇ ખાસે, આઠમી ગાટી માહે તે રોકાઇ રેસે; મુર ફીરસતો બેઠો છે જયાં અતી દુખ દેસે માણુસને ત્યાં; કન્યાદાન જેણે દુન્યામાં ખાયા, નીતો નીત તેણે દુખજ પાયા; આઠમી ગાટી માહે એક સુલાખ જાણો ત્યાં વાટ દોઝક કેરી પીછાણો, ઉવાસે ધુંવા દોઝકના આવે, તેણેથી બંદા બળતાં આવે, કન્યાદાન જે કોઇ દુન્યામાં ખાસે, તે બંદાના એવા હવાલ થાશે.

સતપંથીકું એ કામ હરામ જાણો,
આઠમી ગાટી એવી દોહેલી પીછાણો.

## ગાટી ૯ મી.

(કરવારી બીજ નહી રાખનાર માટે ગાટી)

નવમી ગાટી વસમી કહીએ,
તે ગાટી દોહેલીમાં કભી ન રહીએ.

તે ગાટી તો રૂકનીજ જાણો, જુગ ઉકાર તે ગાટીનું નામ પીછાણો, ત્યાં ફીરસ્તો અગેઆની બેઠો, જેસો રૂપ ફીરંગી બેઠો. જે કોઇ મોમન શુકરવારી બીજ રાખશે નહી પણ બીજ શુકરવારી વૃત મોમનતું સહી.

જે કોઇ મેમન વૃત નહી રાખશે,
તે તો મોમન નવમી ગાટી માંહે રોકાશે.

## ગાટી ૧૦ મી.

### જ્ઞાન ધ્યાન ઓછું કરી જાણનારને સજા.

દસમી ગાટી માહા દોહેલી જાણો,
જેસી કાગકી ચાંચ પીછાણો.

એવી ગાટી વસમી જાણો ત્યાં ફીરસ્તો કલંક બેઠો જે કોઇ મોમન પીર પોતાનાને નહી માને, ગીનાન ધીયાન ઓછો કરી જાણશે; પીરનું ઉપર નહી રાખશે, તે ત્યાં દસમી ગાટી માહે રોકાઇ રહેશે. વચનસીર

મોમન તે જે વેદને પારે વેદજ માને.
વેદને ન માને તે ત્યાં રોકાઈ રેસે
અને મારજ ખાસે.

## ગાટી ૧૧ મી.

### (શરાબ તમાકુ વ્યાજ ખાનાર માટે ગાટી)

અગીઆરમી ગાટી દોહેલી જાણો,
એ મોમન ભાઇ તમે સહી કરી પીછાણો.

જે મોમન થઇને ગતમાં નહી મલે અને ગીનાન ધ્યાનનો ભેદ નહી પાવે, શરાબ વ્યાજ તમાકુ ખાવે તે એ ગાટી માહે મહા દુખ પાવે, અગીઆરમી ગાટી દોહેલી જાણો જીકર ફીરસતો ત્યાં બેઠો પરમાણો, શરાબી વ્યાજી તમાકીને મારજ દેસે તેને નીતોનીત

ઉધો ટાંગસે જોર ત્યાં કેનું નહી ચાલે આરબી રૂપે ફીરસ્તો મારજ મારે મોઢાં માહેથી કાઢે લોહી અતી દુઃખ તેણેથી હોઈ.

શરાબ વીયાજ ભાંગ તમાકુથી એતા દુઃખ હોએ.
તે તમો વીચારી જોએ.

## ગાટી ૧૨ મી.

## (ગીનાન બોલે, ભગત કહેવાય, પણુ નહી પાલનાર માટે ગાટી)

બારમી ગાટી બહુ વાંકી જાણો,
ત્યાં બહુ દુઃખ દીએ બલથી પરમાણો.

એ ગાટી તે વસમી આપ ત્યાં તે રહેશે જેણે મધંમ કીધાં પાપ, ત્યાં ફીરસ્તો શકલ બેઠો પરમાણો હાથ માહે તેને ખંજર જાણો, દુનીઆમા જે કોઇ ગીનાનજ બોલે આપે પુરો ભગંત કીલાવે પોતે ગીનાનની રાહ ન પાલે તે ફીરસ્તા શકલને હાથેથી ઘણું દુઃખજ પાવે અને માર ઘણેરી ખાવે.

## ગાટી ૧૩ મી.

## (પટેલ થઈ નાતને અને ગરીબને દુઃખ આપનારને માટે ગાટી)

તેરમી ગાટી વસમી જાણો,
તે જેવી તલવારની ધાર પીછાણો.

ધારે પાંણી વહઇ જાશે, વસમી ગાટી એવી થાશે. ત્યાં ફીરસ્તો તઇયબ બેઠો, જે મોમન થઇને પટેલ કહેવાશે, હાકમી કેરો જોર દેખાડે, નાત જાતને દુઃખજ આલે, ગરીબ ગુરબાની દયા ન પાળે, તેને તેરમી ગાટીમાં રાખશે, નીતોનીત તલવારની ધાર ઉપર ચલાવશે, એવું જાણી મનમાં બીક આણો, તેરમી ગાટી એવી દોહેલી પીછાણો.

મોમન થઈને દયા ન લાવે,
તે ત્યાં એવા દુઃખ પાવે.

---

## ગાટી ૧૪ મી.

### (વજનમાં ઓછું દેનાર વેપારીને માટે ગાટી.)

ચઉદમી ગાટી તો એવી વશમી જાણો,
ગીનાન ધ્યાનની વાત પીછાણો.

તીઆં ફીરસતો મકદ વસે. તેની જીભીયા મોટી હશે, દાંતુ સાથે તે કરડી લેશે, દુન્યામાં જેણે વેપારજ કીધા, તોલા માપ ઓછા કરીને ઓછા દીધા, માપ ઓછો મોમન ભાઇ નવ કીજે, ખોટું બોલીને ઓછું ન દીજે, જે કોઇ ખોટું બોલીને ઓછું દેસે, તે ચઉદમી ગાટીમા મારજ ખાસે, નીતો નીત તેની જીભ દાતું સાથ કરડાવસે, એવું જાણીને ઓછું નવ દીજે.

અને મોમન થઇને ખોટું મત બોલજો,
નહીતો ઘણું દુખ પામસો.

---

## ગાટી ૧૫ મી.

### (ક્રીડા કરવા બાદ નાવાની આળસ કરનારને માટે ગાટી.)

પંદરમી ગાટી વસમી કહીએ,
ત્રાગડા જેવી ઝીણી જાણો.

પુરખ નારીની તે ગાટી પીછાણો, પુરખ નારી પોતામાં બેસી રમત કર્યા હસી, પોતપોતામા બોલ્યા વાણી, નાયા ધોયાની આળશ કીધી જાણી, પંદરમી ગાટી માંહે રોકાણા તે પાપે, જેણે ધરમ નહી રાખ્યો,

આપે, ત્યાં પીરસ્તો શારી બેઠો, જે કોઇ મોમન નાયા ધોયાની આળસ કરસે તેને ત્યાં ત્રણ દહાડા ભુખીયો રાખશે.

એવું જાણીને નાયા ધોયાની આળસ કરશો તો ત્યાં એવા દુખ પામશો.

## ગાટી ૧૬ મી.

### (ગત ગંગાને ઓછું કરી જાણનારને માટે ગાટી.)

સોળમી ગાટી તો સુઇના નાકા જેવી સાંકડી જાણો,
એ ગાટી તો બહુ વશમી પીછાણો.

જે મોમન થઇ ગત ગંગામાં પાપ ઉતરાવે, ફરી ગતની વાત નહી પળે, ગત ગંગાને ઓછું કરી મને જેહ, સોલમી ગાટીમાં રોકાઇ રહેસે તેહ, ત્યાં પીરસતો અદાસ કરી બેઠો, તે બેસી ત્યાં કરસે પુકાર, જેણે ગતમાં બેસી પપ ઉતરાવ્યા, પાછા ફરીને બીજા કીધા, તેને ત્યાં પીરસ્તો તાણી બાંધશે, મોકમ ત્યાં મારજ દેશે.

મોમન થઈને ગતને નહી માનશે,
તે સોલમી ગાટી માહે રોકાઈ રહેશે.

## ગાટી ૧૭ મી.

### (મોમનને દુખ દેનાર પારકુ પોતાનુ કરી લેનાર માટે ગાટી.)

સતરમી ગાટી મહા વસમી કહીએ,
એ ગાટીની કઠણાઇનો તો પાર ન લઇએ.

જેણે દુન્યામાં મોમનને દુખજ દીધું પારકુ જાંણી પોતાનું કીધું ઇનસાફ મનમાં કીધો નહી તે રોકાસે સતરમી ગાટી માહી ત્યા પીરસતો અદલ બેઠો. તે બંદાનું અદલ કરસે, અને પુછસે જે તમે દુન્યામાં મોમનને બહુ દુખજ દેતા.

પારકા માલ સારૂ સાહેબનું સુકરાનુ નવ કરતા.
તેસારૂ સતરમી ગાટી માહે રોકાઇ રહેતા.

## ગાટી ૧૮ મી.

## (બેનનો માલ ખાનારને માટે ગાટી.)

અઢારમી ગાટી બહુ ઉંચી જાણો,
સાત ગાઉ માહે ચઢાઉ પીછાણો.

જે કોઇ દુનીઆ માહે પોતાની બેનનો માલજ ખાસે, તે ત્યાં અઢારમી ગાટી માહે રોકાઇ રૈસે. મોમન થઇને પોતાની બેનનો માલજ ખાસે. તે બંદાને નીતો નીત ગાટી માહે ઉચો ચડાવસે, તે બંદો ત્યાં ચડતો આંધળો થાસે. ત્યાં ફીરસ્તો મેકાન બેઠો, તે મારજ દેસે ને ઉપર ચડાવસે. જે કોઈ મોમન થઇને બેનનો માલજ ખાસે તે જીવ ત્યા રોકાશે.

મહાદન સુધી મારજ ખાસે,
એવુ જાણી માલ બેનનો મ ખાજો.

## ગાટી ૧૯ મી.

## (માત પીતાને દુઃખવનારને માટે ગાટી.)

ઓગણીસમી ગાટી જેવી ખંડાની ધાર,
જેવી ભાદરવે વીજ ચમકે અપાર.

એવી ગાટી તો દોહેલી જાણો, ત્યાં ફીરસ્તો જબર પરમાણો, તે નીતોનીત ઉઠી તેને ઉપર ચલાવે, ફરી તેને નીચો ચલાવે, જે કોઇ દુનીઆમાં મોમન હોવે, માત પિતાને દુવતો રેવે, જે કોઇ માત પિતાના હકમાં નહી રહેશે, તેને ઓગણીસમી ગાટી માહે ઉતારો દેશે.

એવુ જાણીને વીચારી ચાલો,
માત પીતાને દુઃખેજ મ આલો.

## ગાટી ૨૦ મી.

### (દાન દેનારને ના પાડનાર માટે ગાટી.)

વીસમી ગાટી સરતોલની જાણો,
જેમ ત્રાજવા તોલાની કપાણ બાંધી પરમાણો.

વીસમી ગાટી બહુ દોહેલી પીછાણો, ત્યાં પીરસ્તા અદલ બેઠા જાણો. જેણે દુનીયા માંહે દાનજ કીધાં, તેને દાન દેતા જેણે ના હા કીધા, તેને ત્યાં ઘણો દુઃખ થાશે, વીસમી ગાટી માહે તે રોકાશે.

ઊંચો નહી ચડશે લગાર,
અને વીસમી ગાટી માહે ખાશે માર.

## ગાટી ૨૧ મી.

### (જીવ હલાલ કરનાર માટે ગાટી.)

એકવીસમી ગાટી દોહેલી જાણો,
તે મહા વીકટ પરમાણો.

જેમ આલા ચામડા માહે તેલજ નહી. તે ચામડા સુકા કેવાએસે સહી. જે મોમન જીવ હલાલજ કરે. તેને એ ગાટી માહે ઉતારે સુકા ચામડા માહે વીટસે. નીતો નીત એવા હવાલજ થાસે.

મોમન ભાઈએ જીવ મારવો નહી,
ને કીયા જીભ હલાવવી નહી.

## ગાટી ૨૨ મી.

### (મોમન થઇ જીભ ઘણી હલાવનાર, સારૂ નરસુ બોલનાર માટે ગાટી.)

બાવીસમી ગાટી તો એવી જાણો,
જેવો કુવાનો કીનારો.

તેતો માહા સખત દીસે, ત્યાં જીવનો કીનારા ઉપર ઉતારો થસે, ત્યાં ફીરસતો રહેમતલા બેઠો તે જીવને નીતો નીત કુવામાં નાખસે, જે જીવ દુન્યા માહે મોમન કીલાવે મોમન થઇને જીભ ધણી હલાવે. કેને સારૂ નરસું બોલતાં લાજ ન આવે, પર પુંઠે બેસીને નીંદા કરે, બીજાને કરાવે, મન માહે સાહેબની બીક ન લાવે, ઉંધે કુવાને કીનારે ઉતારો પાવે, મોમનને એ કામ કરવા નહીં, એ કામ કરસે તે જીવના તો એવા હાલ થસે તેને મલાએક ઝાલી બેઠા હશે.

નીતોનીત કુવા માહે ડુબકી દેવરાવસે,
મોમનને તો એ કામ ન જોઇએ.

## ગાટી ૨૩ મી.

### (ગીનાન સુણી નહી પાળનાર માટે ગાટી.)

ત્રેવીસમી ગાટી તો એવી જાણો,
જેવો સુકો લાકડો પીછાણો.

એ ગાટી તો એવી કહીએ મહા વસમી એ ગાટી કહીએ, ત્યાં ફીરસ્તો એબરાર રહે છે, જે મોમન થઇને ગત માહે આવે, ગત માહે ગીનાન સુણીને પાળે નહીં.

તેને તો ત્યાં સુકે લાકડે બેસાડે,
બરાબર કરી માર દેવરાવે.

## ગાટી ૨૪ મી.

### (મોમન થઇ જોગી જતીને માનનાર માટે ગાટી.)

ચોવીસમી ગાટી માહા વસમી કહીએ,
જેમ નીરના કુંડમાંએ અવતારજ લઇએ.

નીરના કુંડ જેવી વાટજ કહીએ, ચાલતા ચાલતા કુંડ માંહેજ રહીએ, ત્યાં ફીરસ્તો વીસવાસ રહે છે, તે ફીરસ્તો આગે જોગી હતો

જોગ મારગે અતી ચિંતા કરતો, તે કારણુ એ ગાટીમાં અવતારજ ધરીયો, તે ફીરસ્તો એ ઠામજ રહે છે, તે માટે જે કોઇ મોમન થઇને દુનીઆ માહે જોગી જતીને માનશે, તે તો ચોવીસમી ગાટી માહે રોકાઇ રહેશે તેને ત્યાં નીરના કુંડ માહે સવા પોર સુધી નીતોનીત ડુબાવશે, મોમન થઇને પોતાનો ધર્મ મેલી ચારે ચરબટે જાશે.

જોગી જંગમી ઉપર ભાવજ રાખે,
તેને ત્યાં એવા દુખજ થાસે.

## ગાટી ૨૫ મી.

### (મોમન થઇ જોશ જોવરાવનાર માટે ગાટી)

પચીસમી ગાટીતો માહા દોહેલી જાણો,
જેવી વાટ કાચ કેરી જાણો.

ત્યાં ફીરસ્તો કાફર રહે છે, આગલ તે ભીરામણ હતો, ટીપણાં જોઇને જવાબ દેતો, સરવે માણસતુ તે ટીપણામાં જુઠો જોશ જોતો તે કારણુ કાફર નામજ થયું, તેને એ ગાટી ઉપર રાખ્યો, તે માટે દુન્યા માહે મોમન થઇને જોશ જોવે જોવરાવે, એ જીવને એ ગાટીમાં રોકસે, ને ફીરસ્તો કાફર નીતોનીત કાચમાં ફેરાવી માર ઘણી દેવરાવસે, તે માટે જે મોમન થઇને ગીનાન શાસ્ત્ર મનમા ઓછો કરી જાણે, જોશ ઉપર પ્રીતી રાખે.

તે જીવ ઘણો દુઃખી થાસે,
તે માટે ગીનાન ઓછો કરી માનવો નહીં.

## ગાટી ૨૬ મી.

### (મોમન થઇ ઝેર દઇ મારે અગર તરવારથી મારે તેને માટે ગાટી.)

છવીસમી ગાટી જેવી લોઢાની ભીંત જાણો,
તે ભીંતને રૂકની ધાર પીછાણો.

તે ગાટી એવી વસમી જાણો, સવા ગાઉ માહે તે પીછાણો, ત્યાં ફીરસ્તો હુકમી બેઠો, તેને તો ત્યાં ઉતારો કહીએ જે કોઇ દુનીઆ માહે મોમન થઇને ઝેર દઇને કે તરવારથી મારે તે મોમન તે ગાટીમાં રોકાઇ રેસે, અતી દુઃખ ત્યાં સહેસે.

એવો જાણી મ કરજો એવા કામ,
નહી તો એવો પામસો ઠામ.

## ગાટી ૨૭ મી.

## (વાટપાડુ મોમીનને માટે ગાટી.)

સતાવીસમી ગાટી ઘણી દોહેલી જાણો,
તે ગાટી બહુ વીકટ પીછાણો.

એ ગાટી જેવો સેરડો કહીએ, એક કોરે રગત વહે છે, એક કોરે પીત વહે છે, તે વચ્ચે તો સેરડો કહીએ, તે ગાટીમાં ફીરસ્તો મકસદ રહે છે, દુનીઆમાં મોમન થઇ જે વાટ પાડે, લોક લુંટીને પોતે ખાશે, તે જીવને ત્યાં ઉતારો દેશે, તેને તો ફીરસ્તો નીતોનીત રગત પીત પીવરાવશે, એવા હવાલ થાશે, અને આગળ પણ ઘણો દુઃખી થાશે, મોમનને એવું કામ કરવું ન જોઇએ.

જે એ ભવમાં લાજ ગમાવીએ, અને ગુરૂને લજાવીએ એથી તો ન જન્મ્યા તે ભલારે ભાઈ.

## ગાટી ૨૮ મી.

## (કોઇને દુખાવનાર માટે ગાટી)

અઠાવીસમી ગાટી જેમ પાણી કહીએ,
ચો ધારે જેમ પાણી વહેતો જાવે.

ત્યાં ફીરસ્તો સકર રહેવે, તે ફીરસ્તો બહુ કાલો કહીએ, જે મોમન થઇને કેને દુખાવે તે નીતોનીત ત્યાં દુખ સ્હેસે તે પાપે કરીને ત્યાં રોકાશે.

પાણી વહેતા માહે સવા પોર ડુબાવશે,
એવુ જાણીને એવુ કામ કરવુ નહી.

## ગાટી ૨૯ મી.

### (દીકરીને મારનાર તથા બદ ચડાવનાર માટે ગાટી)

ઓગણત્રીસમી ગાટી દોહેલી જાણો.
નીતોનીત ત્યાં બરફ વરસે છે.

હેમાલા જેવી તે ગાટી જાણો, ત્યાં ફીરસ્તો ગગીયાત બેઠો, તે ફીરસ્તો ઘણો કઠણુ જાણો, જે કોઇ મોમન થઇ દીકરીને મારે, દીકરી ઉપર બદ ચડાવે, તે ત્યાં રોકાઇ રહેશે, બરફમાં નીતોનીત ટાઢે મરે, નીત સવા પોર બરફમા રાખશે.

તે ફીરસ્તાને મહેર નહી આવશે,
તે માટે મોમન ભાઈ એ કામ કરવુ નહી.

## ગાટી ૩૦ મી.

### (મુખી થઇને કીયા નહી પાળનાર માટે ગાટી)

ત્રીસમી ગાટી મેરૂ પર્વત હેઠે જાણો,
પથર કેરી તે ગાટી કહીએ.

તે પથરની ધાર તલવાર જેવી જાણો, માથે બેસતે વઢાઇ જાવે. ત્યાં ફીરસ્તો જગીયાત બેઠો, તે મહા બળવંત કહીએ, દુનીયામાં જે મોમન કહીએ, મુખી થઇને જુમલામાં બેસે, મનમાં કાંઇ શક લાવે સાહેબના માલની બીક નહી રાખે, દુવા વખત ટાણે ખાને ન જાવે, ને મનમાં જાણે જે અમે છુટા, તે માટે એ મુખીને તે ગાટી માહે ઉતારો દેસે, પથ્થરની ધાર ઉપરે બેસાડસે, ત્યાં મુખીના હાથ બાંધસે, નીલાંડ ઉપર ટીકો દારો દેસે, એવા હવાલ ત્યાં મુખીના થાસે, મહાદન સુધી ત્યાં હેરાન થાસે, સુણો મોમનો જે મુખી થઇને

શાહાનો માલ ખાસે અને ખાનામાં આવી દુઆ વખત નહી કરે તે મુખીના એવા હવાલ થાસે.

એ મુનીવર ભાઈ ચેતીને ચાલજો,
એવો માનખો નહી આવે વારોવાર.

## ગાટી ૩૧ મી.

### (સુતકની પરહેજ નહી રાખનાર તથા પર પુરૂષ સાથે પ્રીત રાખનાર સ્ત્રી માટે ગાટી.)

એકત્રીસમી ગાટી દોહેલી કહીએ,
જેવી કોષની ગરેડી ફરતી જાવે.

તેવી ગાટી ફરતી રહેવે જેવી ચરખી કહીએ. તે મહા વસમી કહીએ, ત્યાં ફીરસ્તો જોગણી રહેવે, તેતો ચોસઠ જોગણીનો સરદાર કહીયે, જે સ્ત્રી મોમનની કહીએ, તે નાયા ધોયાની જે ચતુરાઈ નહી રાખસે, સુતક પાંચ દાડાનું, કહીયે, તે સુતકની પરેજ નહી રાખે અને પોતાનો પુરૂશ મેલીને બીજા સાથે પ્રીત બાંધસે તે સ્ત્રીને એકત્રીશમી ગાટી માહે રોકી રાખસે, તેને નીતો નાંત ચરખીએ ફેરાવી સવા પહોર સુધી માર દેસે, એવા હવાલ મહાદન સુધી થાસે, તે માટે સ્ત્રીને સુતકની પરેજ રાખવી તથા પર પુરૂશને બંધવ કરી જાણો, જે સ્ત્રી એ કીરીયા નહી પાલશે.

તેના તો એવા હવાલ થાસે,
ઘણી દુખ્યારી થાસે.

## ગાટી ૩૨ મી.

### (કાચે માસે બાલક પાડનાર માટે ગાટી.)

બત્રીસમી ગાટી મહા વસ્મી જાણો,
સ્ત્રી કેરો ગીરભવાસ પીછાણો.

ગીરભવાસના દુઃખ જેવી તે ગાટી દોહેલી જાણો, ત્યાં ફીરસ્તો હલકા બેઠો, જે મોમન થઈને કેને બાલક પેટમાંથી કાચે માસે પાડે,

તે એ ગાટી માહે રોકાઇ રહેસે, તે સવા પહોર સુધી બાલકની ધોડે ગીરભાવાસનું દુઃખ એ ગાટી માહે ભોગવે.

જે કોઈ માણસ મોમન થઇને એવા કામ કરસે,
તે ત્યાં એવા દુઃખ પામસે.

## ગાટી ૩૩ મી.

### (જમાતનો મોટો માણુસ થઇ ગરીબને દુખવનાર માટે ગાટી.)

તેત્રીસમી ગાટી મહા રૂડી દેખાએ
જેમ બજાર માહે દુકાનું વખાર અપાર કહીએ.

આદમ જાત ત્યાં કોઇ નવ લઇએ, માલ માહે ઘર ભર્યા જાણો, ઉજડ ગામ તે ગાટી પરમાણો, ત્યાં ફીરસ્તો શારી શારી કહીયે, દુનીઆ માહે જે ગરઢેરો કહેવાય, અને વારસ થઇને ગત માહે મોટો થઇને બેઠો, મોટો કેવાય, ખલાત હાજર જોમાની પહેરે, ગત માહે આવીને કુબુધ્ધી રાખીને ગરીબને મારે, હાજર ઇમામનું ફરમાન નહી માને, તે ગરઢેરાને તો એ ગાટી માહે વાસો દેશે, તે માલ સવે જોશે, પણ ફીરસ્તો માહેથી ખાવા નહી દેશે, ત્યારે તે બદો ભુખે મરતો પુકાર કરશે, તેને ફિરસતો દીઆણી બજારે લઇને ભુખે મારશે, તે બદો ત્યાં તોબા તોબા કરશે, હાથથી ગઇ વખત તે ફરી હાથ નહી આવે, તે માટે વારસ થઇને હાજર જોમાનું ફરમાન નહીં માને, હકે નહી ચાલે, અને માણુસ ઉપર જુલમ કરશે, તે એ જગ્યા માહે રહેશે, તે માટે દયા રાખીએ.

કેને ગરીબ ગુરબાને દુવીયે નહી,
નહી તો એ ગાટી માહે રોકાઇ રહેશે

## ગાટી ૩૪ મી.

### (નીયા પી કાંકણુ બંધાવી તેની લાજ નહી જાલવનાર માટે ગાટી)

ચોતરીશમી ગાટી જેવી ભાદરવા કેરી રાત જાણો,
જેવા વાદલા ભર્યા આવે પરમાણો.

કારા ઉજલા વાદલા થાવે, ત્યાં ફીરસ્તો મગર રહે છે, જે કોઇ મોમન દુન્યા માહે નીયાજ પીસે, કાંકણુ બંધાવસે, ફરીને ધરમ નીયમની કાંકણુની તે લાજ નહી રાખે, વધતો બોલે પાપ, ધરમની સુરતા નહી રાખે, તે બંદો રાત દીવસ અંધારા માંહે રહેસે, મોમન થઇને ધરમ કરમની ઓલખાણુ નહી રાખે.

તે જીવ એ ગાટી માહે રહેસે,
ને અંધાર માંહે રહેસે.

## ગાટી ૩૫ મી.

### (મારગ છોડી ઉંધે મારગે ચાલનાર માટે ગાટી)

પાંત્રીસમી ગાટી જેમ વારાની ધાર જેવી જાણો,
એવી ગાટી દોહેલી પીછાણો.

ત્યાં ફીરસ્તો વીમર બેઠો, તે ફીરસ્તો મહા વસમુ કહીએ, દુનીઆ માહે જે મોમન કહીયે, તે મારતા છોડી કુ મારગ ચાલે, તે ત્યાં રોકાઇ રહેશે, તેને ફીરસ્તો નીતોનીત સવા પોર સુધી દુઃખ દેશે, એ વારાની ધાર ઉપર પંથ કરાવશે, તે જો ચાલતા ખાઇ માહે પડે તો સાપ તથા વીંછી કરડે, અને સત વગર વારાની ધાર ઉપર ચડાએ પણુ નહી, તે માટે જે મોમન સતપંથી થઇને સતપંથ મેલી બીજા પંથ માહે ચાલે.

તેના એવા હવાલ થાશે,
તે માટે ચેતી ચાલો એ વીરા ભાઇ.

## ગાટી ૩૬ મી.

(સતપંથી થઇ ગત ગંગામાં નહી આવનાર માટે ગાટી)

છત્રીસમી ગાટી તો અગનની જાણો,
અગનની ચાલ આકાશથી આવે.

તે સહી પરમાણો, એવી ગાટી દોએલી પીછાણો. ત્યાં ફીરસ્તો જોતી રેહેવે, બહુ જેમ તે ફીરસ્તાને કેવે, ગડીયે ગડીયે લઇને અમી માહે ગાલે, તે ફીરસ્તાને મહેર નહી આવે, જે કોઇ સતપંથી મોમન કીબાવે, ગત ગંગા માંહે કંઇએ નહી આવે; તે તો એ ગાટી માંહે રોકાસે, તેને નીતોનીત અગ્ની માહે બારે. મોમન થઇને ધરમ થાનકે નહી આવે, ગત ગંગાનાં દરશણુ નહી કરે.

તે ત્યાં એવા દુઃખ પામસે,
તે માટે વીરાભાઈ તમે ચેતીને ચાલો.

## ગાટી ૩૭ મી.

( જીવ હીંસા કરનાર માટે ગાટી. )

સાડત્રીસમી ગાટી તો એવી જાણો,
રાતી લોઈ લોઈ જેવી પીછાણો.

તે સાડાત્રણુ ગાઉ માંહે વહેતી નદી પીછાણો, ત્યાં ફીરસ્તો ખુદી બેઠો, તે ગુનેહગાર જીવને રગતની નદી માહે ડુબાવતા મહેર નહી આણે, તે માટે જે કોઇ મોમન દુન્યા માહે જીવ હીંસા કરશે.

તે ત્યાં એવા દુખ પામસે,
ભાઇ તેણે કરીને ચેતીને ચાલો.

## ગાટી ૩૮ મી.

(દશોંદ દેતાં મન વીણુંશનાર તથા દશોંદ પુરી નહી દેનાર માટે ગાટી)

આડત્રીસમી ગાટી તો માહા વસમી સારૂ,
જેમ દરીયા જલ ભર્યા અપાર.

તે દરીયા માહે જહાજ જાણો, તે જહાજ માહે જે કોઇ ચડયા, પાણી અન વીના તે ભુખે મુવા ત્યાં પીરસ્તો સુખે સુખાડી રહેવે જે કોઇ મોમન દુન્યા માહે દશોંદી થાએ તે દશોંદ દેતાં મન વીચાંસે, પુરી દશોંદ જે નહી દેસે, તેને એ જહાજ માહે ચડાવસે, તે જહાજને આશમાન માંહે લઇ જાય પાછો આવીને હેઠે પછાડે, ને અતી ઘણા દુખ દેવે, તે માટે જે કોઇ મોમન દશોંદ પુરી નહી દેસે. તે બંદાના એવા હવાલ થાસે, એવું જાણી તમે દશોંદમ ભાંગજો, આ દુન્યા તો ચાર દીનનો રંગ છે, દુનીઆની માયા મીઠી કરીને આખરતનો કોઇ ભાંગશો માં.

જે રાહા પીરે પોતાને બતાવી છે,
તે માહે હુશીયાર રહેજો.

## ગાટી ૩૯ મી.

### (હાજર જોમાને ઓછુ કરી જાણુનારને માટે ગાટી)

ઓગણચાલીસમી ગાટી તો એવી જાણો,
માહા વસમી તે ગાટી પીછાણો

જેવો બળતો કુંડ અગનનો કહીએ, માર્ગે માર્ગે બળતો દેખીયે, ત્યાં પીરસ્તો કલેહર રહેવે, મહા ભુંડો તે પીરસ્તો કહીએ, જે દુનીયા માહે મોમન થઇને હાજર જેમું તખત સાહેબી તેને ઓછું જાણુશી, તે એ ગાટી માહે નીતોનીત બળતો રહેવે, જે મોમન સાહેબ હાજર જોમાને માણસ કરી જાણુશે, તે બંદો ત્યાં એવા દુઃખ પામશે, એ ભાઇ તમે હાજર જોમાને કાંઇ પણ ઓછો કરી માનશો નહી,

જે જીવ ઓછો કરી જાણુશે,
તેને એવા દુઃખ થાશે.

## ગાટી ૪૦ મી.

### ( નુર વખત ગુમાવનાર માટે ગાટી. )

ચાલીસમી ગાટી નાગફણની જાણો,
જેવો નાગ સંસાર માહે કહીયે.

તેવી ગાટી એજ જાણો, ત્યાં ફીરસ્તો ગાલબ રહેવે, ગાલબ ફીરસ્તો બળવંત બહુ કહીયે, જે કોઇ મોમન દુનીયા માહે નુર વખત ગુમાવસે, નુરને ટાણે જાગસે નહી, નચીતો થઇને સુઇ રહેશે, તેનું જીવતર ફોકટ કહીએ.

તે જીવને ત્યાં સરપ દુઃખજ દેસે,
તેણે કરીને વખત વેળા ન ચુકીયે ભાઈ.

## ગાટી ૪૧ મી.

### ( જીવનો તથા હાડનો વેપાર કરનાર મોમન માટે ગાટી. )

એકતાલીસમી ગાટી તો અતી દોહેલી જાણો,
ચુનાના ખુરા જેવી પીછાણો.

જેમ રાત દીન ખુરો પાક સહી, તેવી ગાટી દોહેલી કહીએ સહી, ત્યાં ફીરસ્તો નકટો રહેવે, તેને નાક નહીરે ભાઇ, તેનું નામ તો નકટો કહીએ તે ફીરસ્તો મહા દોહેલો કહીયે. તે ફીરસ્તાને દયા નહી આવે, જે કોઇ દુન્યા માહે મોમન કહેવાય, જીવનો લઇને વકરો કરે, તેને તો નીતો નીત ચુનાના ખુરા માંહે બાળસે, તે બદો ત્યાં તોબા તોબા કરસે, તેણે કરીને વીરાભાઇ ચેતીનેચાલો.

હાડ વકરો કરસો મા,
નહીતો તમે ત્યાં એવા દુખ પામસો સહી.

## ગાટી ૪૨ મી.

### (નાડ વશ નહી રાખનાર માટે ગાટી)

બેતાલીશમી ગાટી એવી વસમી જાણો,
માહા દોહેલી એ ગાટી પરમાણો.

ત્યાં ફીરસ્તો સુભ રહે છે. તે ફીરસ્તો એક આંખે કાણો છે, તે માટે જે કોઇ મોમન દુન્યા માંહે પોતાની નાડ વશ નહી રાખે તે એ ગાટી માંહે રહેસે, તે ગાટી લોઢાની કહીએ, તે સાહેબના

ફરમાને કરીને રોજ જગતા જેવી તપશે, તે ઉપર બંદાને નીતોનીત ચલાવશે.

તે માટે પોતાની નાડ વશ રાખો રે-ભાઈ

## ગાટી ૪૩ મી.

### (પારકો હક ભાંગનાર માટે ગાટી)

તેંતાલીસમી ગાટી ઘણી દોહેલી જાણો,
જેમ કુંભારના ઘરની નીઆઈ પીછાણો.

ચોધારે જેમ લાગતી આવે જાણો, એવી ગાટી દોહેલી પીછાણો, ત્યાં ફીરસ્તો પ્રસન્ન રહેવે, તે ફીરસ્તો બહુ કારો જાણો, જેને વગએ તેને ન મેલે, મોમન થઇને પારકો માલ લુંટે, જેના પાસેથી લીએ તેને પાછો નહી આપે, મન માહે ભ્રાંત બહુ રાખે, તે માટે જે પારકો હક ભાંગે, તે બંદાને તો ત્યાં ઉતારો દેશે,

તેને નીતો નીત તે નીભાડામાં બારસે,
તેણે કરી વીરાભાઈ ચેતીને ચાલો.

## ગાટી ૪૪ મી.

### (અવતાર પાત્રનો હક નહી આપનાર માટે ગાટી)

ચુમાલીસમી ગાટી ઘણી વસમી જાણો,
આસમાન નજીક તે ગાટી પીછાણો.

તે ગાટી માંહે પાણી નહી, ત્યાંતો ચોકી ખુદાએકી રહેવે, જે મોમન દુનીઆમાં હાજર ઇમામને દેખીને એ સાહેબ અવતાર પાત્રનો હક નહી આપશે, તે મોમન એ ગાટી માંહે રહેશે, તે ત્યાં તરસ્યો ભુખ્યો બહુ દુઃખ સહેશે.

તે માટે વીચારીને ચેતી ચાલો,
નહી તો એવા દુઃખ પામશો.

## ગાટી ૪૫ મી.

### (પાણીની પુજા કરનાર મોમન માટે ગાટી)

પીસતાલીસમી ગાટી વેતરણી નદી જેવી કહીએ, તે નદીમાંથી કોઇ નીકળી આવે નહી, ત્યાં ફીરસ્તો પરકાશી રહેવે.

જે મોમન દુનીઆમાં પાણીની પુજા કરશે,
તેને ફીરસ્તો નીતોનીત એ નદીમાં ડુબાવશે.

## ગાટી ૪૬ મી

### ( નાગને માનનાર મોમન માટે ગાટી )

છેતાલીસમી ગાટી એ જાણો,
વેતરણી નદીના પડખામાં પીછાણો.

જેમ ખેરના લાકડાનું જંગલ કહીએ, ત્યાં ફીરસ્તો નાગકેસર રહે છે, જે મોમન દુનીઆ માંહે નાગને માનશે, નાગની પુંજા કરશે, તેને એ ગાટી માંહે ઉતારો દેશે, તે બંદાને નાગદીઆણી દુઃખ દેશે,

તેણે કરી વીરાભાઈ ચેતી ચાલો,
નહી તો એવા દુઃખ પામશો.

## ગાટી ૪૭ મી.

### (પારકો હરામ માલ ખાનાર માટે ગાટી.)

સડતાલીસમી ગાટી બહુ વસમી જાણો,
જેવો કાઠ સુઅલ પીછાણો.

જે મોમન દુનીઆ માંહે કેનો હરામ માલ ખાશે, નાતનો કે પરનાતનો ખાશે, તેને ત્યાં ઉતારો દેશે, તે જેવો સુરેલ કાઠનું લાકડું તેવા બંદાના હવાલ થશે, તે માટે વીચારી ચાલજો.

પારકો માલ કોઈ મ વાવરજો,
આગલ તો એવા દુઃખ છે ભાઇ.

## ગાટો ૪૮ મી.

### ( કોઇની બેન દીકરી વરાવવામાં લાંચ ખાનાર મોમન માટે ગાટી.)

અડતાલીસમી ગાટી તો બહુ વસ્મી જાણો,
જેમ પાણી વહે છે સુઅર પરમાણો.

તે પાણી માંહે સુઅર જેવા જાનવર વહે છે, બીજા જીવ તેનો અંત નહી પાર, તે જીવનાં મોઢાં જેવા સુઅર જાણો, ત્યાં ફીરસ્તો કાલ કમની રહેવે, તે ફીરસ્તો જીવને સવા પોહોર સુધી પાણીમાં બોડસે, તેને સુઅર અતી દુખ દેસે, તે માટે જે મોમન પારકી દીકરી ત્થા બેનનો વીવા કરસે, તે માંહે પોતે લાંચ ખાઇને દુખ માંહે નાખસે, તે ત્યાં અતી દુખ પામસે.

તેને ફીરસ્તો સવા પહોર નીત્ય,
પાણી માંહે ડુબાવસે તે માટે વીચારી ચેતી ચાલો.

## ગાટી ૪૯ મી.

### (નુર વખતમાં ગાંફલ રહેનાર માટે ગાટી)

ઓગણપચાસમો ગાટી વસ્મી જાણો,
તે પેલા આસમાન માંહે જાણો.

ત્યાં ફીરસ્તો ફરમાની રહેવે, ત્યાં સુરજની ગરમી બહુ લાગે, તે માટે ગુરુનું વચન છે જે ખટ ઘડી નુરની છે તે જે મોમન પાલશે નહી.

તે જીવ એ ગાટી માંહે રોકાસે,
તે માટે વીચારી ચેતીને ચાલો.

## ગાટી ૫૦ મી.

### (મુરશીદની શીખામણ નહી માનનાર માટે ગાટી)

પચાસમી ગાટી મહા વીકટ જાણો,
બીજે આશમાને તે પીછાણો.

ત્યાં ચંદ્રમાં છે, તેને જમણે પડખે અંધકાર છે, ત્યાં પીરસ્તો ચંદરફરા છે, દુન્યા માંહે જે સતગુરૂ છે તે હાજર ઇમામની સનાખતની શીખામણુ પોતાના મુરીદને દીએ છે તે શીખામણુ જે મુરીદ લેતા નથી.

તે ત્યાં અંધકાર માહે રોકાસે,
માટે ચેતી ચાલો ભાઈ.

## ગાટી ૫૧ મી.

### ( પીર થઇને રાહ નહી દેખાડનાર માટે ગાટી. )

એકાવનમી ગાટી તો ત્રીજે આસમાને જાણો,
જ્યાંથી કુતરશ મલાયક પાછા વળ્યા છે.

દુનીઆ પ્રકાસી બેઠા પણુ આગળ નહી પેતા માટે બુજરગ થઇ પીર થઇને રાહા નહી દેખાડે તેને એ ઠામે બેસાડસે.

જ્યાંથી મલાયક ઠાલા વળ્યા તે ઠામ ખાલી છે,
તે પીરને ત્યાં બેસાડસે.

## ગાટી ૫૨ મો.

### ( હકીકતી મોમન માટે ગાટી. )

બાવનમી ગાટી એ વીરાભાઇ તે ચોથે આસમાને છે,
જ્યાં મારગ ચાર છે.

પેલો મારગ તો વહીકુંડનું જાણો, બીજો મારગ તો દેઝકનું જાણો, ત્રીજો મારગ તો દુનીઆનું જાણો, ચોથો મારગ તો હુરાંનો જાણો, ત્યાં હુરાઓ રમઝમ કરતી આવે, નુરનાં કચોલા સાથે લાવે, બાવનમી ગાટી એવી રહેલી છે, જે મોમન સત ધરમને ખમેયા કરશે, વધતો નહી બોલસે, તેને ત્યાં બેસાડસે ત્યાં પીરસ્તો જબરાઇલ બેઠો છે તે મોમનને ન્યામત આલસે, એવા સુખ ઘણા દેસે, ભણે પીર સદરદીન દુનીઆ માહે જો એવી ક્રીયા પાળસો.

એ મોમનભાઈ એવા થઇને ચાલસો,
તો ગત જુમલાની જોડે થઇને અમરાપુરી પામશો.

સ. મા. સે.

અલ્લાહ તો અહાર.

# વીશ ટોલ.

( રચનાર:—સઇયદ ઇમામ શાહા. )

( રોજ કયામતને દીવસ ખુદાવંતાલા ગુનેહગારનો હીસાબ લેસે, ત્યારે જુદા જુદા ગુનાહની પુછા થસે, ઓગણીસ ટોલ ગુનેગારના ને એક ટોલ હકીકતી મોમનનો મળી વીશ ટોલ સઇયદ ઇમામ શાહે ભાંખ્યા તેની હકીકત લખી છે. )

## ટોલ ૧ લો.

### ( વજનમાં ઓછું આપવા તથા વધુ લેવા માટેની સજા. )

રોજ કયામતને દહાડે જીબરાઇલ તથા બીજા ફીરસ્તાઓને શ્રી સાહેબજીનું ફરમાન થસે કે "વીસ ટોલ માહેથી પહેલા ટોલને હાજર કરો."

ત્યારે ફીરસ્તા પહેલા ટોલને આણીને સાહેબ આગળ હાજર કરશે; ત્યારે તે બંદાનું પેટ ફાટેલું હશે, તેના અર્ધા આંતરડા પેટમાં હશે; ને અર્ધા આંતરડા જમીનપર ઘસડાતા હશે. ત્યારે કુલ ફીરસ્તા અરજ કરશે જે "યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કીધા હશે?"

ત્યારે સાહેબનું ફરમાન થાશે જે, "એ બંદા દુન્યામાં વેપાર કરતા હતા, તે લેતી વેલા મોટા તોલે લેતા હતા, અને આપતી વેલા નાને તોલે દેતા હતા અને તે બંદા જાણુતા હતા જે, અમે સૌને છેતરીએ છીએ, અને સાહેબની બીક મનમાં આણુતાં ન હતાં, તે માટે એ બંદાને એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? તે માટે જે કોઇ બંદો હરામ ખાશે, તેને રોજે કયામતને દહાડે એવી સજા સાહેબ દેશે; જે બંદો, બે તોલા ને બે માપલાં રાખતો હશે તેને સાહેબ રોજ કયામતને દહાડે એવી પીડા તથા સજા દેશે શહી.

## ટોલ ૨ જો.

## (ગરીબનો માલ જોરાવરીથી તથા દગાબાજીથી લેનારને સજા.)

ત્યાર પછી શ્રી સાહેબનું ફરમાન થશે જે બીજા ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા બીજા ટોલને આણીને હાજર કરશે; તે બંદાનું પેટ વધીને કોઠી સરખું થઇ જમીન સુધી લાગેલું હશે, ને પેટમાં સાપ વીછું ભરેલ હશે; તે પેટની પીડાએ બંદો તોબા તોબા કરતો હશે, ત્યારે ફીરસ્તા અરજ કરશે; જે "યા સાહેબ મહેરબાન એ બંદે દુનીયામાં શું ગુનાહ કીધા હશે?"

ત્યારે સાહેબનું ફરમાન થશે જે "એ બંદા દુનીયામાં જોરાવર હતા, ને ગરીબનો માલ જોરાવરી કરીને લેતા હતા, ચોરીને દગા બાજી કરી લેતા હતા; તે માલ એ બંદા ખાતા હતા એવી રોટી પેટમાં પડી છે; તેથી એવી પીડા ભોગવે છે."

તમે જાણોછો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? જે કોઇ બંદા હરામ ખાશે તેને કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૩ જો.

## (પાડોશી તથા કુટુંબ તથા મોમન મોમનને દુઃખ દેનાર તથા રંજાડનારને સજા.)

ત્યાર પછી શ્રી સાહેબનું ફરમાંન થશે જે ત્રીજા ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા ત્રીજા ટોલને આણીને હાજર કરશે; તે બંદાના હાથ પગ કાપેલા હશે, તે બંદો હાથ પગની પીડાએ તોબા તોબા

ફરીયાદુ કરતો હશે; ત્યારે ફીરસ્તા પુછશે. જે "યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કીધા હશે?"

ત્યારે સાહેબ ફરમાવશે જે "એ બંદા કીયા ધરમ તો સરવે પાલતા હતા; પણ પાડોસી તથા કુટુંબને બહુ રંજાડતા હતા. તે માટે એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? મોમન મોમનને દુખ દેશે, ને પાડોસીને રંજાડશે તેને રોજ કયામતને દહાડે એવી સજા દેશે શાહી.

## ટોલ ૪ થો.

### ( કુડું કલંક ચડાવનારને સજા. )

વલી શ્રી સાહેબનું ફરમાન થશે જે ચોથા ટોલને હાજર કરો; ત્યારે ફીરસ્તા ચોથા ટોલને આણીને હાજર કરશે; તે બંદાના પગ ખુણીયા, આહેથી કાઢેલા હશે; અને લોઢાના પગ ધગધગતા કરીને બેસાડેલ હશે, ને તે લોઢાના પગ ધગધગતા ઉપર ઉભા રાખેલ હશે, તે પગની પીડાએ બંદા તોબા તોબા કરી પુકારતા હશે; ત્યારે ફીરસ્તા પુછશે જે "યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કરેલ છે?"

ત્યારે સાહેબનું ફરમાન થશે જે "એણે બંદે દુનીયામાં ધર્મ આચાર સર્વે પાળેલ છે; પણ પાડોશી તથા સગા કુટુંબને કુડા આળ ચડાવેલ છે, તે માટે એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? તથા શાસ્ત્ર ગીનાનમાં શું ફરમાવ્યું છે? જે કોઇ બંદો કોઇના ઉપર કુડો કલંક ચડાવશે તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૫ મો.

### (જુઠુ બોલનાર, પારકી થાપણ ખાનાર તથા બે ફરમાની કરનારને સજા.)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે જે "પાંચમાં ટોલને હાજર કરો." ત્યારે ફીરસ્તા પાંચમાં ટોલને આણીને હાજર કરશે, તે બંદાની જીભ બહાર કઢી હશે, ત્યારે ફીરસ્તા સાહેબ આગલ અરજ કરશે ને "યા સાહેબ! મેહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કીધા છે?"

ત્યારે શ્રી સાહેબનું ફરમાન થશે "જે એ બંદાએ દુનીયામાં સાહેબનાં ફરમાન માનેલ નથી, ને પીરના ગીનાન વાંચીને માનતા ન હતા, ને થાપણ પારકી ખાતા હતા, જુઠું ઘણું બોલતા હતા તે માટે એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે બંદા પારકી થાપણ ખાતા હશે અને જુઠું બોલતા હશે તેને શ્રી સાહેબજી રોજે કયામતને દહાડે એવી સજા દેશે સહી.

## ટોલ ૬ ઠો.

### (દશોંદ ખાઈ જનાર તથા ત્રણ વખત દુવા નહી પડનારને સજા.)

વલી સાહેબજીનું ફરમાન થશે, જે "છઠા ટોલને આણીને હાજર કરો," ત્યારે ફીરસ્તા છઠા ટોલને આણીને હાજર કરશે, તે બંદાઓની જીભ કયાડીમાંથી કાઢી હશે, તેને દીવાની વાટની પેઠે લગાડી હશે, ત્યારે ફીરસ્તા સાહેબ આગળ અરજ કરશે, જે "યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કીધા છે?" ત્યારે સાહેબજીનું ફરમાન થશે, જે "એણે બંદે દુનીયામાં ઉમાંણ (દશોંદ) ખાધી છે, ને વખત વેળા જુમલા જમાતમાં હાજર ન થતા હતા. તે માટે એવી સજા પામેલ છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે કોઇ બંદો સાહેબનો માલ ખાશે, ને ત્રણ વખત દુઆ નહી પડે તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૭ મો.

### (પર સ્ત્રી ગમન કરનારને સજા)

વલી સાહેબજીનું ફરમાન થશે, જે "સાતમા ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા સાતમા ટોલને આણીને હાજર કરશે, તે બંદાઓની ઇંદ્રી વાટે લોહી વહેતું હશે, તેની પીડાએ તોબા તોબા પુકારતા હશે; ત્યારે ફીરસ્તા સાહેબ આગળ અરજ કરશે, જે "યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કરેલ છે?"

ત્યારે સાહેબજીનું ફરમાન થશે જે, એ બંદા દુનીયામાં પર સ્ત્રી સાથે ચાલતા હતા, તે માટે એવી સજા દીધી છે.

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? માટે જે બંદા પારકી સ્ત્રી સાથે ભુંડા ચાલશે, તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે.

## ટોલ ૮ મો.

### (પર પુરૂષ સાથે ગમન કરનાર સ્ત્રીને સજા.)

વલી શ્રી સાહેબનું ફરમાન થશે, જે " આઠમા ટોલને હાજર કરો," ત્યારે ફીરસ્તા આઠમા ટોલને આણીને હાજર કરશે, તે ટોલ સ્ત્રીઓનો હશે, તેના પેટમાં લોઢાનો ધગ ધગતો કરીને બાલક ઘાલેલ હશે. તે અર્ધ પેટમાં ને અર્ધ બહાર હશે, તેની પીડાએ તે સ્ત્રીયુ તોબા તોબા કરતી હશે, ત્યારે ફીરસ્તા શ્રી સાહેબ આગળ અરજ કરશે, જે "યા સાહેબ મહેરબાન એ સ્ત્રીયોએ દુનીયામાં શું ગુનાહ કીધા છે?"

ત્યારે શ્રી સાહેબજીનુ ફરમાન થશે, જે "એ સ્ત્રીયો દુનીયામાં પર પુરૂષથી ભુંડે કામે ચાલતી હતી, તે માટે એવી સજા પામી છે."

તમે જાણો છો જે શ્રી સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે સ્ત્રી પરપુરૂષ શું ભુંડે કામે ચાલશે, તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૯ મો.

## (શરાબ પીનાર તથા કુફર બોલનાર તથા હાંશી કરનારને સજા.)

ત્યારે શ્રી સાહેબજીનું ફરમાન થસે જે નવમાં ટોલને હાજર કરો? ત્યારે ફીરસ્તા નવમાં ટોલને આણીને હાજર કરશે. તે બંદાનાં દાંત બહાર નીસરેલ હશે; અને આંખીયું લોઢાની ગરમ કરીને આંખ્યુમાં બેસાળેલ હશે, અને મોઢામાંથી લાર પડતી હશે, તે બંદાને દેખીને ફીરસ્તા તોબા તોબા કરતા હશે, ત્યારે જુમલે ફીરસ્તા સાહેબ આગલ અરજ કરશે? જે "યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કરેલા છે! જે એવી સજા પામે છે?"
ત્યારે સાહેબજીનું ફરમાન થસે જે "એ બંદા દુન્યામાં શરાબ પીતા હતા; અને કુફર બોલતા હતા અને પારકી સ્ત્રી સામુ બદ નજરે જોતા હતા તથા બદ કામ કરતા હતા તે માટે એવી સજા પામેલ છે.

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? જે કોઇ બંદા દુન્યામાં શરાબ પીતા હશે, ને કુફર બોલતા હશે, અને હાંસી કરતા હશે તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે.

## ટોલ ૧૦ મો.

## (પારકી નીંદા કરનાર તથા પોતાને ઉત્તમ કરી જાણનારને સજા)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે જે દસમાં ટોલને હાજર કરો, ત્યારે પીરસ્તા દસમાં ટોલને આણીને હાજર કરશે; તે બંદાનું મોં કુતરા સરીખું હશે, અને જીભ કાઢી નાખી હશે. ત્યારે પીરસ્તા પુછશે યા સાહેબ મેહેરબાન એણે બંદે દુન્યામાં શું ગુનાહ કરેલ છે? જે એવી સજા પામેલ છે?

ત્યારે સાહેબનું ફરમાન થશે જે "એ બંદા દુન્યામાં પારકી નીંદા કરતા હતા; અને પોતાને ઉત્તમ કરીને જાણતા હતા, તે માટે એવી સજા પામેલ છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? જે કોઈ બંદો દુન્યામાં પારકી નીંદા કરશે ને પોતાને ઉત્તમ કરી જાણશે તેને સાહેબ રોજ કયામતને દહાડે એવી સજા દેશે, સજા દઈને દોઝકમાં નાખશે.

---

## ટોલ ૧૧, મો.

## (શાહા પીરનાં ફરમાન પર ઈમાન નહી રાખનારને સજા.

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે જે "અગીયારમાં ટોલને હાજર કરો" ત્યારે પીરસ્તા અગીયારમા ટોલને આણીને હાજર કરશે; ત્યારે તે બંદા કાને બહેરા હશે ને મોઢે મુંગા હશે, ત્યારે જુમલે પીરસ્તા પુછશે. "યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કરેલ છે; જે એવી સજા પામેલ છે?"

ત્યારે સાહેબનું ફરમાન થસે જે "એ બંદા દુન્યામાં એલમ શાસ્ત્ર વાંચતા હતા તે સરવે જુઠું કરીને જાણતા હતા, જ્યારે

એલમ ભણુતા હતા ત્યારે જાણુતા હતા જે એલમ સાચું છે, પણ પીરના વાયક ઉપર ઇમાન ન ધરતા હતા, માટે એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે કોઈ બંદો શાહા પીરનાં વાયક નહી પાળે, તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે.

## ટોલ ૧૨ મો.

### ( વ્યાજ સવાયું દોઢું ખાનારને સજા. )

ત્યારે શ્રી સાહેબજીનું ફરમાન થશે જે "બારમાં ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા બારમા ટોલને આણીને હાજર કરશે. તે બંદાનું મેઢું તથા દાઢી દીવાની પેઠે લગાડી દીધેલ હશે, તે બંદો તોબા તોબા પુકારતો હશે. ત્યારે જુમલે ફીરસ્તા પુછશે, યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કીધા છે, જે એવી સજા પામેલ છે."

ત્યારે સાહેબજીનું ફરમાન થશે જે "એ બંદા દુનીયામાં અખાજ ( વ્યાજ ) ખાતા હતા, તથા સવાયું દોઢું ખાતા હતા. તે માટે એવી સજા દીધી છે."

તમે જાણોછો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે કોઇ બંદો વ્યાજ સવાયું દોઢું ખાતો હશે તેને રોજ કયામતને દહાડે એવી સજા દેશે, સજા દઇને દોઝકમાં નાખસે, તે તમે સહી કરી જાણજો.

## ટોલ ૧૩ મો.

### ( એલમ શાસ્ત્ર જાણનાર પણ બીજાને નહી સંભલાવનારને સજા. )

વળી શ્રી સાહેબજીનું ફરમાન થસે જે "તેરમા ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા તેરમા ટોલને આણીને હાજર કરશે, તે બંદા આંખે આંધળા હશે ને આંખ્યુંમાંથી ભુંડી ગંધ નીકળતી હશે, ત્યારે

ફીરસ્તા શ્રી સાહેબ આગલ અરજ કરશે, યા સાહેબ મહેરબાન ? એણે બંદે દુનીયામાં શું ગુનાહ કીધા છે ?"

ત્યારે શ્રી સાહેબજીનું ફરમાન થશે જે "એ બંદા દુનીયામાં મોટા શાસ્ત્રી હતા, પણ કોઇને સંભલાવતા ન હતા, તે માટે એવી સજા પામેલ છે."

તમે જાણોછો જે શ્રી સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે ? દુનીયામાં જે કોઇ બંદો એલમ શાસ્ત્ર જાણશે, ને બીજાને નહી સંભલાવશે, તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૧૪ મો.

## (પટેલ તથા કામદાર થઇને અદલ ઇન્સાફ નહી કરનારને સજા.)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે, જે "ચઉદમા ટોલને હાજર કરો, ત્યારે ફીરસ્તા ચઉદમા ટોલને આણીને હાજર કરશે, તે બંદા અર્ધા બળેલા હશે, ને આંખ્યું મીંદડા સરખીયું હશે, ત્યારે ફીરસ્તા શ્રી સાહેબ આગળ અરજ કરશે, "યા સાહેબ મહેર-બાન ! એણે બંદે દુનીયામા શું ગુનાહ કીધા છે ?"

ત્યારે શ્રી સાહેબજીનું ફરમાન થશે, જે "એ બંદા દુનીયામાં પટેલ તથા કામદાર હતા, ને કોઇ જગડો કરી તેની પાસે આવે, ત્યારે અદલ ઇન્સાફ કરતા ન હતા, ને લાંચ લઇને ગેર ઇન્સાફ કરતા હતા અને કોઇને મારી કાઢતા હતા; તે માટે એવી સજા પામેલ છે.

તમે જાણો છો જે શ્રી સાહેબે એલમમાં શું ફરમાવેલ છે ? માટે જે, પટેલ તથા કામદાર થઇને, અદલ ઇન્સાફ નહી કરશે, તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલે ૧૫મો.

### (લાંચ લઇને કુડી ગવાહી કરનારને સજા.)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે, જે "પંદરમા ટોલને હાજર કરો," ત્યારે ફીરસ્તા પંદરમા ટોલને આણીને હાજર કરશે, તે બંદાની જીભ ધગ ધગતી કરીને બેસાડી હશે, ત્યારે ફીરસ્તા સાહેબ આગળ અરજ કરશે, જે "યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીઆમાં શું ગુનાહ કરેલ છે?

ત્યારે શ્રી સાહેબનું ફરમાન થશે, જે "એ બંદા લાંચ લઇને કુડી ગવાહી દેતા હતા, માટે એવી સજા પામેલ છે.

તમે જાણો છો જે શ્રી સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે બંદા લાંચ લઇને કુડી ગવાહી પુરશે, તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબ એવી સજા દેશે.

## ટોલ ૧૬ મો.

### (અભીમાન કરીને પોતાને મોટો જાણનારને સજા.)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થશે જે "સોલમાં ટોલને હાજર કરો," ત્યારે ફીરસ્તા સોલમાં ટોલને આણીને હાજર કરશે. તે બંદાને લોઢાની ઉંચી બેઠક ધગધગતી કરીને તે ઉપર બેસાડેલ હશે, ત્યારે જુમલે ફીરસ્તા પુછશે, યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કરેલ છે? જે એવી સજા પામેલ છે,

ત્યારે સાહેબનું ફરમાન થસે જે એ બંદા દુન્યામાં અભીમાન કરતા હતા ને પોતાને સઉ કરતા મોટા કરીને જાણતા હતા ને કહેતા હતા. જે અમારા સરખું કોઇ નથી તે માટે એવી સજા દીધી છે.

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? જે કોઇ બંદો અભીમાન કરીને પોતાને મોટો જાણશે, તેને રોજ કયામતને દહાડે સાહેબ એવી સજા દેશે, ને મોટાઇ તો એક સાહેબને ઘટે છે,

જેણે સાહેબે ખલકત (દુન્યા)ને પેદા કરી છે, માટે જે કોઈ બંદો અભીમાન કરે છે, તે સાહેબજીનો દુશ્મન છે; તેને રોજ કયામતને દહાડે એવી સજા દઈને દોઝકમાં નાખસે.

## ટોલ ૧૭ મો.

### (વખત વેલાએ દુન્યાનું કામ કરનારને સજા.)

વલી શ્રી સાહેબનું ફરમાન થશે જે "સતરમા ટોલને હાજર કરો," ત્યારે ફીરસ્તા સતરમા ટોલને આણીને હાજર કરશે, તે બંદાનાં માથાના મોવાળા તાણીને કમાનની પેઠે પગના અંગુઠા સાથે બાંધ્યા હશે તેની પીડાએ તે બંદા તોબા તોબા પુકારતા હશે; ત્યારે ફીરસ્તા સાહેબ આગલ અરજ કરશે જે યા સાહેબ મેહેરબાન! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કરેલા છે? ત્યારે સાહેબજીનું ફરમાન થસે જે "એ બંદા દુન્યામાં વખત વેલાએ દુન્યાનું કામ કરતા હતા ને વખત દુઆ ટાણે જુમલામાં હાજર થતા ન હંતા, તે માટે એવી સજા પામેલ છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવ્યું છે? જે બંદા દુન્યામાં વખત નહી પડતા હશે; તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબ એવી સજા દેશે સહી.

## ટોલ ૧૮ મો.

### (ગીનાન શાસ્ત્ર જાણનાર, સંભળાવનાર, પણ દુઆ નહી પડનાર, દશોંદ નહી દેનાર તથા આચાર નહી પાળનારને સજા.)

વલી શ્રી સાહેબનું ફરમાન થશે, જે "અઢારમા ટોલને હાજર કરો," ત્યારે ફીરસ્તા અઢારમાં ટોલને આણીને હાજર કરશે, ત્યારે તે બંદાને લોઢાનાં ગોલા ધગ ધગતા કરીને મોઢામાં બેસાડેલ હશે, તેથી તે બંદા તોબા તોબા પુકારતા હશે, ત્યારે જુમલે ફીરસ્તા

પુછશે, જે યા સાહેબ મહેરબાન ! એણે બંદે દુનીયામાં શું ગુનાહ કરેલ છે ? ત્યારે સાહેબનું ફરમાન થશે, જે "એ બંદા દુનીયામાં શાસ્ત્ર ભણતા હતા, ને ગીનાન શાસ્ત્ર સઉને સંભળાવતા હતા, ને પોતે ગીનાન શાસ્ત્ર પાળતા ન હતા, અને વખત પડતા ન હતા, અને ઉમાણુ પણ દેતા ન હતા, અને એક મારગને એક આચારે ચાલતા ન હતા, તે માટે એવી સજા દીધી છે."

તમે જાણો છો જે સાહેબે એલમમાં શું ફરમાવેલ છે? જે કોઇ બંદો ગીનાન શાસ્ત્ર પઢે છે ને બીજાને સંભળાવે છે, અને પોતે પાળતો નથી, તેને રોજ કયામતને દહાડે શ્રી સાહેબજી એવી સજા દઇને દોઝકમાં નાખશે.

## ટોલ ૧૯ મો.

## (મુખી થઇને પીરના વાયક મનમાં નહી ધરનારને સજા.)

વલી શ્રી સાહેબજીનું ફરમાન થસે જે "ઓગણીસમાં ટોલને હાજર કરો," ત્યારે શીરસ્તા ઓગણીસમાં ટોલને આણીને હાજર કરશે, તે બંદાને આગના ભડકા આંખ્યું તથા કાનની ચેફેરથી નીકળતા હશે, ત્યારે તેત્રીશ કરોડીયું દેવતા સાહેબને અરજ કરશે; "યા સાહેબ મેહેરબાન ! એણે બંદે દુન્યામાં શું ગુનાહ કીધા છે ?"

ત્યારે સાહેબનું ફરમાન થશે જે "એ બંદાને મરત લોક વીશે ગુરે મુખી ઠેરાવેલ હતા, લોકોને તથા મોમનોને પ્રેમે બોલાવતા અને આચાર પળાવતા અને વખત વેલાસર ઉમાણુ કઢાવતા; અને ગીનાન શાસ્ત્ર જે પીરે સંભળાવેલ છે તે મોમન મનમાં નહી ધરતા તે માટે એવી સજા દીધી છે."

# ટોલ ૨૦ મો.

## ( બહેસ્તી ટોલ. )

વળી શ્રી સાહેબજીનું ફરમાન થશે જે વીસમાં ટોલને હાજર કરો; ત્યારે તે બંદા બ્હેસ્તમાં બેઠા હશે, તે બંદાને મેતર જબરાઇલ તથા બીજા ફીરસ્તાઓ તેડવા જશે. તે બંદા બહેસ્તમાં સોનાના ઢોલીયા ઉપર બેઠા હશે; તેના માથા ઉપર ફીરસ્તા ચમર ઢલાવતા હશે, ને બહેસ્તી ઝબા અને માથા પર તાજ શોભી રહેલ હશે, એ બહેસ્તી મોમનનું તેજ (અજવાળુ) પડતું હશે, તેને ફીરસ્તા જઇ કહેશે જે તમને સાહેબે દીદારને વાસ્તે તેડાવેલ છે, ત્યારે બંદાને બુરાકે બેસાડીને સાહેબના દીદાર કરાવવા લઇ આવશે ત્યારે ફીરસ્તા અરજ કરશે. "યા સાહેબ મહેરબાન! એણે બંદે દુનીયામાં શું કમાઇ કરી છે."

ત્યારે સાહેબજીનું ફરમાન થશે જે "એ બંદા મોમનનું હાજર ઇમામ પર યકીન સાચું હતું, અને સાહેબને સાચો કરી જાણતા હતા; અને પોતાની હલાલ કમાઇમાંથી ચોખી દસોંદ દેતા હતા, અને વખત વેળાએ સરકાર કાઢતા હતા ને મા બાપની ચાકરી કરતા હતા ને પારકી સ્ત્રી મા-બેન કરી જાણુતા હતા, હરામ ખાતા ન હતા, હાજર ઇમામનું ફરમાવેલ સર્વે પાળતા હતા, ગીનાન શાસ્ત્રમાં કહેલ છે, તે ઉપર ચાલતા હતા, ભુંડા માર્ગથી વેગળા રહેતા હતા, તે માટે એવી વડાઇ દીધી છે.

સાહેબનું ફરમાન નબી મહંમદ મુસ્તફા સલલલાહઅલેહ-વ-સલમને થશે જે તમારી પાસે જે, પીર પએકામ્બર ઓલીઆ અંબીઆ ને સીંતેરસો સો હુસેની છે તે સર્વેને તેડી સર્વે મોમન ભેગા

કરી, બેહેસ્તમાં લઇ જાઓ, અને જેની જેવી કમાઇ તેને તેવા ફળ દીયો, તેમ સાહેબ મહેરબાન મહમદ મુસ્તફા સલલલાહ અહેલે વ સલમને ફરમાવશે.

તમામ 'વીસ ટોલ" ગોફતે સૈયદ ઇમામ શાહા હક અશહદો અન લાઇલાહા ઇલલલાહ અશહદો અન મહ મદ રસુલીલાહ અશહદો અન અમીરલ મોઅમેનીન અલી સહી અલાહ.

યા અલી યા અલી યા અલી

સ મા પ્ત.

